દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
ગુરુવાર ૬ ઓગસ્ટ, ૨૦૨૬

વીમા વિના જ વાહનો દોડતા હોવાથી હવે થર્ડ પાર્ટી વીમો ફરજિયાત કરવો જરૂરી છે

ગુજરાત સહિત સમગ્ર દેશમાં વધી રહેલા માર્ગ અકસ્માતો અને તેના પરિણામે પીડાતા પરિવારજનો માટે સુપ્રીમ કોર્ટનો તાજેતરનો ચુકાદો એક સીમાચિહ્નરૂપ નિર્ણય સાબિત થવા જઈ રહ્યો છે. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે નવી કાર માટે થર્ડ પાર્ટી ઈન્શ્યોરન્સની મુદત ૩ વર્ષથી વધારીને ૪ વર્ષ અને નવી ટુ-વ્હીલર માટે ૫ વર્ષથી વધારીને ૬ વર્ષ કરવાનો ઐતિહાસિક આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટના આ આદેશથી હવે દેશના માર્ગો પર વગર વીમા દોડતા વાહનો પર લગામ કસાશે અને દુર્ઘટનાના પીડિતોને સમયસર વળતર મેળવવામાં કાનૂની સરળતા રહેશે. દાસત્વ અને બેદરકારીનું ચિત્ર દર્શાવતા આંકડા સંસદની સ્થાયી સમિતિના અહેવાલમાં સામે આવ્યા છે, જેને સુપ્રીમ કોર્ટે પણ ટાંક્યો છે.

દેશમાં નોંધાયેલા આશરે ૩૦.૪૮ કરોડ વાહનોમાંથી ૧૬.૫૪ કરોડ વાહનો પાસે માન્ય વીમો નથી. આનો સીધો અર્થ એ થયો કે દેશના રસ્તાઓ પર દોડતા ૫૬ ટકા વાહનો કોઈપણ પ્રકારના થર્ડ પાર્ટી પ્રોટેક્શન વગર મુસાફરી કરી રહ્યા છે.

આ પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. ૨૦૨૨માં દેશમાં ૪,૬૧,૩૧૨ રોડ અકસ્માત નોંધાયા હતા, જે વધારીને ૨૦૨૩માં ૪,૮૦,૫૮૩ અને ૨૦૨૪માં ૪,૮૭,૭૦૫ સુધી પહોંચી ગયા છે. અકસ્માતોની સંખ્યામાં સતત થતો આ વધારો દર્શાવે છે કે જ્યારે કોઈ નિર્દોષ વ્યક્તિ માર્ગ અકસ્માતનો ભોગ બને છે, ત્યારે જો સામે વાળા વાહન પાસે માન્ય વીમો ન હોય તો પીડિત કે તેના પરિવારજનોએ લાંબી અને ખર્ચાળ કાનૂની લડાઈ લડવી પડે છે.

આ નિર્ણય સામે વીમા નિયામક આઈઆરડીએઆઈ અને જનરલ ઈન્શ્યોરન્સ કાઉન્સિલે વિરોધ નોંધાવ્યો હતો. તેમની મુખ્ય દલીલ એ હતી કે, આ નિર્ણયથી નવા વાહન ખરીદનારા ગ્રાહકો પર શરૂઆતી તબક્કે જ આર્થિક બોજ વધશે, લાંબા ગાળાના ઈન્શ્યોરન્સથી અનરજિસ્ટર્ડ કે વગર વીમાના વાહનોની એકંદર સંખ્યામાં બહુ મોટો ફેરફાર નહીં આવે. પરંતુ, સુપ્રીમ કોર્ટે નાણાકીય પાસાં કરતાં નાગરિકોના જીવન, માર્ગ સુરક્ષા અને દુર્ઘટના પીડિતોના હિતોને પ્રાથમિકતા આપી છે. અદાલતે સ્પષ્ટ કર્યું કે થર્ડ પાર્ટી ઈન્શ્યોરન્સનો મૂળ હેતુ માત્ર પીડિતને નાણાકીય વળતર આપવાનો નથી, પરંતુ તેમને લાંબા સમય સુધી ચાલતી કાનૂની ગૂંચવણોથી બચાવવાનો પણ છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે નવી કાર માટે ૩ વર્ષ અને નવી બાઇક માટે ૫ વર્ષનો થર્ડ પાર્ટી વીમો ફરજિયાત કર્યો હતો. પરંતુ આટલા વર્ષોના અનુભવ બાદ કોર્ટને જણાયું કે શરૂઆતના વર્ષો પૂરા થયા પછી મોટાભાગના વાહનમાલિકો વીમાનું નવીકરણ કરાવવાનું ભૂલી જાય છે અથવા ટાળે છે. મુદતમાં કરવામાં આવેલો ૧-૧ વર્ષનો આ વધારો રસ્તા પર દોડતા વાહનોને વધુ સમય માટે કાનૂની રીતે સુરક્ષિત કરશે. માત્ર વીમાની મુદત વધારવાથી સમસ્યા ઉકેલાઈ જશે નહીં, તેની કડક અમલવારી પણ એટલી જ જરૂરી છે. આ માટે સુપ્રીમ કોર્ટે કેટલાક ક્રાંતિકારી સૂચનો અને નિર્દેશો આપ્યા છેઃ હાઈવે અને મુખ્ય માર્ગો પર લાગેલા ઓટોમેટિક નંબર પ્લેટ રિકગ્નિશન કેમેરાને 'ઈન્શ્યોરન્સ ઈન્ફોર્મેશન બ્યુરો' અને 'વાહન પોર્ટલ' સાથે જોડવામાં આવશે. જેથી વગર વીમાના વાહનોની ઓળખ થતાં જ આપોઆપ ઈ-ચલાન જનરેટ થઈ શકે. રાજ્ય પોલીસને એવા પોર્ટેબલ ઉપકરણો આપવામાં આવશે જેનાથી ઘટનાસ્થળ પર જ વાહનના ઈન્શ્યોરન્સનું સ્ટેટસ ચકાસી શકાય.

સુપ્રીમ કોર્ટે મોટર વાહન મંત્રાલય અને IRDAIને એક પાયલટ પ્રોજેક્ટ હાથ ધરવા કહ્યું છે. જેના હેઠળ જો પેટ્રોલ પંપ પર પહોંચેલા વાહનનો વીમો એક્સપાયર થઈ ગયો હોય, તો તેને પેટ્રોલ કે ડીઝલ આપવાનું રોકવા જેવા આકરા વિકલ્પો પર વિચારણા કરવામાં આવશે. સરકાર અને અદાલત કાયદાઓ ઘડીને સુરક્ષા કવચ પૂરું પાડી શકે છે, પરંતુ અંતે તો વાહનમાલિકોએ પોતે પણ આત્મમંથન કરવાની જરૂર છે. થર્ડ પાર્ટી ઈન્શ્યોરન્સ એ કોઈ વધારાનો ટેક્સ કે આર્થિક બોજ નથી, પરંતુ રસ્તા પર ચાલતી વખતે અન્ય નાગરિકો પ્રત્યેની આપણી સામાજિક અને કાનૂની જવાબદારીનું પ્રતીક છે. નવું વાહન ખરીદતી વખતે આ વધારાનો ખર્ચ લાંબા ગાળે સુરક્ષા અને શાંતિ આપનારો સાબિત થશે. જો આપણે સુરક્ષિત અને જવાબદાર સમાજનું નિર્માણ કરવું હોય, તો કાયદાના પાલનની સાથે સાથે માર્ગ સુરક્ષાના નિયમોને સહજતાથી સ્વીકારવા જ પડશે.

MSMEને સમયસર નાણાં મળશે? વિલંબિત ચુકવણી સામે સરકારનો નવો કાયદાકીય દાવ

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

એટલે કે નાના ઉદ્યોગો માટે સમયસર ચુકવણી એ માત્ર એકાઉન્ટિંગનો મુદ્દો નથી, પરંતુ તે વ્યવસાયના અસ્તિત્વનો પ્રશ્ન છે

ભારતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) દેશના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાય છે. ઉત્પાદન, સેવાઓ, નિકાસ, રોજગાર અને સ્થાનિક સપ્લાયચેઈનમાં તેમનું યોગદાન અત્યંત મહત્ત્વનું છે. પરંતુ આ ક્ષેત્ર વર્ષોથી એક ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે, જે છે માલ કે સેવા પૂરી પાડ્યા પછી તેના નાણાં સમયસર ન મળવાં. મોટી કંપનીઓ, સરકારી સાહસો કે અન્ય ખરીદદારોને માલ પહોંચાડ્યા પછી પણ મહિનાઓ સુધી ચુકવણીની રાહ જોવી પડે છે, જેના કારણે કાગળ પર નફાકારક દેખાતો વ્યવસાય પણ રોકડની અછતમાં મુકાઈ જાય છે. આ સમસ્યાને વધુ અસરકારક રીતે ઉકેલવા માટે કેન્દ્ર સરકારે 'Micro, Small and Medium Enterprises Development (Amendment) Bill, 2026' સંસદમાં રજૂ કર્યું છે, જેનો મુખ્ય આશય વિવાદોના ઝડપી ઉકેલ, ચુકવણીનીવસૂલાતને વધુ અસરકારક બનાવવાની અને MSMEની તરલતાની સમસ્યા ઘટાડવાનો છે.

પ્રશ્ન માત્ર બાકી નાણાંનો નથી. કલ્પના કરો કે એક નાના ઉદ્યોગે કોઈ મોટી કંપનીને રૂ. ૨૫ લાખનો માલ સપ્લાય કર્યો છે. માલ બનાવવા માટે તેણે કાચો માલ ખરીદ્યો, કર્મચારીઓને પગાર આપ્યો, વીજળીનું બિલ ભર્યું, જીએસટી સંબંધિત જવાબદારીઓ પૂરી કરી અને કદાચ બેંક પાસેથી વર્કિંગ કેપિટલ પણ લીધી. હવે જો ખરીદદાર ચુકવણી કરવામાં વિલંબ કરે, તો MSMEના આ રૂ. ૨૫ લાખ કાગળ ઉપર 'receivable' તરીકે રહે છે, પરંતુ બેંક ખાતામાં તે નાણાં ઉપલબ્ધ હોતાં નથી. બીજી તરફ પગાર, વ્યાજ, વીજળી અને કાચા માલનો ખર્ચ અટકતો નથી. મોડા પેમેન્ટને કારણે કેશ ફ્લોની તંગી ઊભી થાય, જેથી વધુ ધિરાણ લેવું પડે,વ્યાજ વધે અને છેવટે નફામાં ઘટાડો થાય. આ એક દુષ્ચક્ર છે. એટલે કે નાના ઉદ્યોગો માટે સમયસર ચુકવણી એ માત્ર એકાઉન્ટિંગનો મુદ્દો નથી, પરંતુ તે વ્યવસાયના અસ્તિત્વનો પ્રશ્ન છે.

સરકાર શું કાયદાકીય સુધારાઓ કરવા માંગે છે? નવા બિલમાં વિવાદ નિવારણ પ્રક્રિયાને વધુ સમયબદ્ધ અને પારદર્શક બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છેઃ

૯ દિવસમાં મધ્યસ્થીઃ બિલ મુજબ મધ્યસ્થીની પ્રક્રિયા પ્રથમ હાજરી માટે નક્કી થયેલી તારીખથી ૯૦ દિવસની અંદર પૂર્ણ કરવાની જોગવાઈ છે, જેથી પ્રક્રિયા અનિશ્ચિત સમય સુધી લંબાઈ ન જાય.

૩૦ દિવસમાં આર્બિટ્રેશનઃ જો મધ્યસ્થીથી સમાધાન ન થાય, તો વિવાદને આર્બિટ્રેશન તરફ મોકલવાની પ્રક્રિયા મધ્યસ્થી સમાપ્ત થયાના ૩૦ દિવસની અંદર કરવાની રહેશે.

આર્બિટ્રેશન એવોર્ડ માટે સમયમર્યાદાઃ પ્લીડિંગ્સ પૂર્ણ થયા બાદ ૯૦ દિવસની અંદર આર્બિટ્રલ એવોર્ડ આપવાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

વધુ ફેસિલિટેશન કાઉન્સિલઃ કેસોની વધતી સંખ્યા સામે સંસ્થાકીય ક્ષમતા વધારવા માટે રાજ્યોમાં વધારાની કાઉન્સિલ ઊભી કરવાની જોગવાઈ છે.

કોર્ટમાં કેસ જાય તો MSMEના નાણાંનું શું? આ સુધારાનો સૌથી મહત્ત્વનો અને રાહતરૂપ મુદ્દો એ છે કે જો વિવાદમાં MSMEની તરફેણમાં ફેંસલો આવ્યા પછી ખરીદદાર તેને કોર્ટમાં પડકારે અને મામલો લાંબો સમય અટવાઈ જાય, તો કાયદાકીય રીતે જીતેલા નાના ઉદ્યોગને વાસ્તવિક નાણાં મળવામાં મુશ્કેલી પડે છે. આ સમસ્યાના ઉકેલ માટે, જો ચુકાદાને પડકારતી અરજી છ મહિનાથી વધુ સમય માટે પેન્ડિંગ રહે, તો કોર્ટ MSME સપ્લાયરને જમા રકમમાંથી ઓછામાં ઓછી ૫૦ ટકા રકમ ચૂકવવાનો આદેશ આપવાની જોગવાઈ કરી છે. આનાથી નાના ઉદ્યોગને પોતાનો વ્યવસાય ચાલુ રાખવા માટે જરૂરી કેશ-ફ્લો તરત મળી રહે છે.

નવા બિલમાં'Trade Receivables Discounting System (TReDS)' ને વધુ મજબૂત બનાવવામાં આવ્યું છે. સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસ (CPSEs) માટે MSME પાસેથી કરવામાં આવેલી ખરીદીના ઈનવોઈસનું સેટલમેન્ટ TReDS મારફતે કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેથી ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા વહેલી ચુકવણી મેળવી શકાય. આ ઉપરાંત, મધ્યસ્થી કે આર્બિટ્રેશન દ્વારા નક્કી થયેલી રકમને 'arears of land revenue' (જમીન મહેસૂલની બાકી રકમ)ની જેમ વસૂલ કરવાની જોગવાઈ સૂચવાઈ છે, જેથી એવોર્ડ માત્ર કાગળ પર ન રહેતાં વાસ્તવિક વસૂલાતમાં પરિવર્તિત થઈ શકે.

આ સુધારો માત્ર નાના ઉદ્યોગો માટે જ નહીં, પરંતુ મોટી કંપનીઓ અને જાહેર ક્ષેત્રના ખરીદદારો માટે પણ કમ્પ્લાયન્સનો કડક સંદેશ આપે છે. MSME પાસેથી ખરીદી કર્યા પછી ઈનવોઈસને લાંબા સમય સુધી અટકાવી રાખવું હવે જોખમી બનશે. કંપનીઓએ તેમની પ્રોક્યોરમેન્ટ, પેમેન્ટ અપ્રૂવલ અને ડિસ્પ્યુટ-મેનેજમેન્ટની આંતરિક વ્યવસ્થાઓ વધુ કાર્યક્ષમ બનાવવી પડશે, જેનાથી કોર્પોરેટ ગવર્નન્સ અને સપ્લાય-ચેઈન મેનેજમેન્ટમાં સુધારો થશે.

ભારતના અર્થતંત્ર માટે તેનું મહત્ત્વ

MSME ક્ષેત્ર ભારતના જીડીપીમાં લગભગ ૩૧ ટકા જેટલું યોગદાન આપે છે. જો લાખો નાના વ્યવસાયોના નાણાં સપ્લાય ચેઈનમાં અટવાયેલાં રહે, તો રોકાણ ઘટે છે, ઉત્પાદન-ક્ષમતા મર્યાદિત થાય છે અને રોજગાર સર્જન ધીમું પડે છે. નાના ઉદ્યોગોના પોતાનાં નાણાં સમયસર પાછાં મળે તે પણ એક પ્રકારનું આર્થિક પ્રોત્સાહન જ છે.

જો કે, કોઈ પણ કાયદાની સફળતા તેના યોગ્ય અમલીકરણ પર આધાર રાખે છે. ૯૦ દિવસની સમયમર્યાદા કાગળ પર લખવાથી જ નિર્ણયો આવી જશે તે જરૂરી નથી; તેના માટે પ્રશિક્ષિત માનવબળ, ડિજિટલ કેસ મેનેજમેન્ટ અને રાજ્ય સરકારોની સક્રિયતા જરૂરી છે. સાથે જ, નાના સપ્લાયર્સની સોદાબાજીની શક્તિ (bargaining power) અને ભવિષ્યના ઓર્ડર ગુમાવવાનો ડર પણ એક પડકાર છે. જો આ કાયદાના માધ્યમથી MSMEના પ્રશ્નો ઝડપથી ઉકેલાશે, તો તે માત્ર એક કાયદાકીય સુધારો નહીં રહે, પરંતુ ભારતના સમગ્ર બિઝનેસ પેમેન્ટ કલ્ચરમાં એક ક્રાંતિકારી પરિવર્તન સાબિત થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મંદિર શું કામ જવું જોઈએ

નાનકડો ઇશાન દાદી જોડે રોજ સાંજે મંદિરે જતો અને પ્રસાદમાં પેંડો અને સાકરિયા દાણા મેળવી ખુશ થતો. આજે મંદિરમાં કથાકાર કથા કરી રહ્યા હતા.દાદી ઈશાનને લઈને થોડી વાર કથા સાંભળવા બેઠાં.

કથામાં કથાકાર સમજાવી રહ્યા હતા કે ''ભગવાને આ દુનિયા બનાવી છે અને ભગવાન આ દુનિયાના કણ કણમાં છે. અહીં રહેતા દરેક જન જનમાં ઈશ્વર છે. પ્રકૃતિના દરેક સ્વરૂપમાં પશુ ,પંખી અને જીવજંતુઓમાં પણ ઈશ્વરનો વાસ છે.'' ઇશાન દાદી સાથે ધ્યાનથી કથા સાંભળી રહ્યો હતો.કથા પૂરી થઇ પણ ઈશાનના નાનકડા મનમાં ઘણા બધા સવાલોનો વંટોળ ઊઠ્યો કે શું ભગવાન મારી અંદર છે? શું ભગવાન મારા દોસ્તની અંદર છે અને તેના ડોગ ટોમીની અંદર પણ હશે? પ્રસાદ લઈને ઘરે જતી વખતે તેણે દાદીને પૂછ્યું, ''દાદી, શું આ પ્રસાદના પેંડામાં પણ ભગવાન છે?'' દાદીએ હસીને કહ્યું, ''હા તેમનો જ પ્રસાદ છે ને...'' રસ્તામાં ચાલતાં ચાલતાં ઈશાને પોતાના મનમાં ચાલતા બધા સવાલો દાદીને પૂછ્યા, ''કે શું બધે ભગવાન છે, શું તમારી અંદર અને મારી અંદર ભગવાન છે? શું આપના ઘરમાં અને મારી સ્કુલમાં ભગવાન છે?'' દાદીએ બધા સવાલના જવાબમાં 'હા' પાડતાં કહ્યું, ''હા, દીકરા બધે જ ભગવાન છે..'' એટલે ઈશાને તરત કહ્યું, ''જો દાદી, બધે જ ભગવાન છે તો પછી આપણે રોજ મંદિરમાં શું કામ જઈએ છીએ?'' દાદી તેનો સવાલ સાંભળીને બે ઘડી ચમકી ઊઠ્યાં કે નાનકડા પૌત્રે સ્ટીક સવાલ પૂછ્યો છે. પછી દાદીએ તેને કહ્યું, ''ચલ, તને આઈસ્ક્રીમ ખવડાવું અને સમજાવું.'' ઈશાનને આઈસ્ક્રીમ અપાવીને દાદીએ કહ્યું, ''દીકરા, તને વિજ્ઞાનમાં ભણાવે છે કે હવા ચારે બાજુ બધે જ છે પણ ઝાડના મીઠા છાંયડામાં ઠંડી હવા કેવી સરસ રાહત આપે છે. તન અને મનને મીઠી ટાઢક આપે છે તેવી જ રીતે હવાની જેમ પરમાત્મા બધે જ છે પણ મંદિરના શાંત અને પવિત્ર વાતાવરણમાં આપણને ભગવાનનો વાસ દેખાય છે. મંદિરમાં આપણા મનને એક શાંતિ અને એકાગ્રતા મળે છે તેથી આપણે ઈશ્વરની સમીપ પહોંચી શકીએ છીએ. મંદિરનું વાતાવરણ શ્રધ્ધા જગાડે છે.શ્રધ્ધા ભક્તિને જન્મ આપે છે અને આપણે ભગવાનને પ્રાર્થના કરી શકીએ છીએ.'' દાદીએ સરળ ભાષામાં નાનકડા ઈશાનને જીવનની સર્વોત્તમ સમજ આપી.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

કચરો પણ છેવટે ગરીબોના સરનામે પહોંચે છે

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

ઘણી બધી વાર આપણે જે કપડાં 'દાન' તરીકે કે 'રીસાયકલ' કરવાના હેતુથી મોકલીએ છીએ, તે કોઈક બીજા દેશના પર્યાવરણમાં જઈને અંત પામે છે

'શું પહેરવું?' એમ કોઈ કહે ત્યારે ઘડીભર એમ લાગે કે એ વ્યક્તિ પાસે વસ્ત્રોની અછત હશે પણ હવે એથી વિપરીત સ્થિતિ હોઈ શકે એવી સંભાવના પૂરેપૂરી છે. એટલે કે વસ્ત્રોની અછતની નહીં, છતની સમસ્યાથી એ ગ્રસ્ત હોય. આ એક ગંભીર વાસ્તવિકતા છે અને પર્યાવરણની રીતે તેને વિચારવા જેવી છે.

તાજેતરમાં યુરોપના ચાર દેશોમાં થયેલા એક અભ્યાસે એક ચોંકાવનારી હકીકત ઉજાગર કરી. એ મુજબ નકામાં ગણીને ફેંકી દેવાયેલાં આઠ હજારથી વધુ કપડાંને તપાસતાં જાણવા મળ્યું કે એમાંનાં લગભગ એંસી ટકા જેટલાં કપડાં ફરી પહેરી શકાય તેવી સ્થિતિમાં હતાં. ઘણાંને માત્ર ધોવાની જરૂર હતી, તો કેટલાકને નાનકડી મરમ્મતની. આમ છતાં તે ફરી કોઈના ઉપયોગમાં આવ્યાં નહીં અને કચરાનો ઢગલો બની ગયાં.

પ્રાથમિક દૃષ્ટિએ જોઈએ તો આ બેદરકારીનું પરિણામ જણાય પણ હકીકતમાં આ એક આખી આર્થિક વ્યવસ્થાનું પરિણામ છે. એમ શી રીતે?

વર્તમાન યુગ ફાસ્ટ ફેશનનો યુગ છે. કપડાં હવે ઋતુ પ્રમાણે બદલાતાં નથી; એ રોજેરોજ બદલાતાં રહે છે. ફેશન કંપનીઓ દરરોજ નવી ડિઝાઈન બજારમાં મૂકે છે અને એ પણ કિફાયત દરે. બીજી તરફ સામાજિક નેટવર્કિંગનાં માધ્યમો વ્યક્તિને સતત નવા દેખાવાનું દબાણ ઊભું કરે છે. આને કારણે કપડાંની ઉપયોગિતા કરતાં તેની નવીનતા વધારે મહત્ત્વની બની ગઈ છે. એનો અર્થ એટલો કે કપડું ઘસાઈ જાય એટલે નહીં, પણ તેનાથી મન ભરાઈ જાય એટલે એ 'જૂનું' બની જાય છે.

આ પરિવર્તનની સૌથી મોટી અસર એ થઈ છે કે કપડાંનાં સમારકામની સંસ્કૃતિ લગભગ અદશ્ય થવા લાગી છે. એક સમય હતો કે જ્યારે શર્ટનું કે પેન્ટનું બટન તૂટી જાય તો નવું બટન ટાંકવામાં આવતું, પેન્ટ ફાટે તો સાંધવામાં આવતું, કે સ્વેટર ક્યાંકથી ખૂલે તો એટલા ભાગને ગૂંથી લેવામાં આવતો. ઘરમાં સિલાઈનું મશીન હોવું સામાન્ય બાબત હતી, એમ દરજીઓ પણ માત્ર નવાં કપડાં નહોતા સીવતા, બલકે જૂનાં કપડાંને નવું જીવન પણ આપતા હતા.

આજે પરિસ્થિતિ સાવ ઉલટી છે. ઘણી વાર શર્ટનો કોલર બદલાવવા જેટલા ખર્ચમાં નવું શર્ટ મળી જાય છે. વસ્ત્રોના સમારકામ કરતાં નવા વસ્ત્રની ખરીદી સસ્તી પડતી હોય તો ગ્રાહક માટે નિર્ણય લેવો સરળ બની જાય છે. બજાર આપણને કયો રસ્તો પસંદ કરાવશે તે સ્પષ્ટ છે.

આ એક વિચિત્ર અર્થશાસ્ત્ર છે. વિશ્વમાં દર વર્ષે કરોડો ટન કપડાં કચરાના ઢગમાં ફેરવાય છે. તેનો એક મોટો હિસ્સો સમૃદ્ધ દેશોમાંથી ગરીબ દેશોમાં પહોંચે છે. ઘાના, પાકિસ્તાન અને આફ્રિકાના અન્ય દેશોમાં સેકન્ડ-હેન્ડ કપડાંના વિશાળ બજારો ઊભાં થયાં છે. તેમાંના ઉપયોગી એટલે કે પહેરી શકાય એવાં કપડાં વેચાઈ જાય છે પણ બિનઉપયોગી કપડાં આખરે સ્થાનિક કચરાના ઢગલામાં જમા થાય છે. એટલે કે ઘણી બધી વાર આપણે જે કપડાં 'દાન' તરીકે કે 'રીસાયકલ' કરવાના હેતુથી મોકલીએ છીએ, તે કોઈક બીજા દેશના પર્યાવરણમાં જઈને અંત પામે છે. સીધી રીતે કહીએ તો એ અન્ય કોઈ દેશના કચરામાં વધારો કરે છે. એક દેશનું કબાટ ખાલી થાય છે અને બીજા કોઈ દેશની કચરાપેટી ભરાય છે.

આ સમસ્યા દિનબદિન ગંભીર બની રહી છે અને તેના ઉકેલ બાબતે વિવિધ ઉપાયો સૂચવાઈ રહ્યા છે. એ પૈકીનો સૌથી મહત્ત્વનો ઉપાય 'રિસાયકલિંગ'નો ગણાવાય છે. પરંતુ તે પહેલાંનો તબક્કો છે 'રીયૂઝ' એટલે કે ઓછું ખરીદવું, લાંબો સમય વાપરવું અને સમારકામ કરીને ફરી ઉપયોગમાં લેવું. એ પછી જ રિસાયક્લિંગ તરફ જવું. આ ઉપાય ક્યારે શક્ય બને? સમાજ તેને મહત્ત્વ આપે અને મૂલ્યવાન ગણે ત્યારે! અત્યારે તો નવી વસ્તુનાં માનપાન છે, નહીં કે ટકાઉ વસ્તુનાં.

વિચિત્ર વાત એ છે કે ફાસ્ટ ફેશને કપડાં જ નહીં, ટકાઉપણા વિશેની આપણી સમજ પણ ધરમૂળથી બદલી નાખી છે. પહેલાં વસ્તુ લાંબો સમય ટકે તો એ ગુણવત્તાયુક્ત ગણાતી. આજે જે વસ્તુ ઝડપથી બદલાઈ શકે એ સફળ ગણાય છે. અને આ માનસિકતા માત્ર કપડાં પૂરતી મર્યાદિત નથી. મોબાઈલ ફોનથી લઈને ફર્નિચર સુધી અને વિચારોમાંથી લઈને સંબંધો સુધી બધે જ બોલબાલા 'ટકાઉ'ની નહીં, પણ 'નવા'ની થઈ ગઈ છે. આથી જ, પર્યાવરણના પ્રશ્નોનો ઉકેલ માત્ર નવી ટેક્નોલોજીથી આવશે એવી માન્યતા સંપૂર્ણ સાચી નથી. આપણે કેટલી ચીજવસ્તુઓ ઉત્પાદિત કરી શકીએ છીએ, તેના કરતાં વધુ મહત્ત્વનું એ છે કે આપણે વસ્તુઓને કેટલું લાંબું જીવન આપી શકીએ છીએ.

આમાં એક મનોવૈજ્ઞાનિક પાસું પણ છે. પહેલાં નવી વસ્તુ ખરીદવી એ કોઈ વિશેષ પ્રસંગ ગણાતો. હવે ખરીદી પોતે એક જાતનું મનોરંજન બની ગઈ છે. ઑનલાઈન વેચાણ, ડિસ્કાઉન્ટ, 'લિમિટેડ ઑફર' અને સતત બદલાતી ફેશન ગ્રાહકમાં એવી લાગણી ઊભી કરે છે કે આજે આપણે કશું નહીં ખરીદીએ તો કંઈક અગત્યનું ગુમાવી બેસીશું અને પાછળ રહી જઈશું. આવી માનસિકતા વસ્તુની જરૂરિયાત કરતાં ખરીદીના રોમાંચને વધારે મહત્ત્વ આપે છે. પરિણામે કપડાંનો ઉપયોગ ઓછો અને તેમની હેરફેર વધુ ઝડપી બની છે. આ સંજોગોમાં એક નાગરિક તરીકે આપણે એ યાદ રાખવાનું છે કે પર્યાવરણની લડાઈનો મોરચો માત્ર કારખાનામાં નહીં, આપણા પોતાના કબાટ સામે પણ જીતવાનો છે. દેખાદેખીમાં આપણે કશું પણ નવું ખરીદતાં પહેલાં સહેજ થોભીશું, એક વાર વિચાર કરીશું કે ખરેખર આપણને જરૂર છે કે માત્ર નવીનતાની 'કીક' ખાતર ખરીદી રહ્યા છીએ, તો આ મોરચો પૂરેપૂરો તો નહીં, પણ અડધો સર થવાની સંભાવના રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

પાણીમાં ઘેરાયા સુરતના શ્વાસ

વરસાદે વિરામ લીધો છે તો હવે લાગી જાવ સુરતને બેઠું કરવા. ગમે તેટલી ગણતરી કરો, નુકસાનના આંક ખરા મળવા મુશ્કેલ છે. એક અંદાજ પ્રમાણે 10 લાખથી વધુ સાડીઓ 3000 મોટર (કાર) ડૂબ્યાં. કરિયાણું- કટલરીની દુકાન-ઘરવખરી તથા લગભગ 50થી વધુનાં મૃત્યુ અને 1000થી વધુ કરોડોનું નુકસાન આ બધો ખેલ 2થી 5 દિવસમાં થયો. મીઠીખાડી-સીમાડા- અલથાણ- ભટાર- વેસુ ભીમરાડ, પરવટ- પાટિયા-લિંબાયત ભેદવાડ ખાડીમાં પાણી આવ્યાં હતાં. બધો પ્રોજેક્ટ કેટલાંક વર્ષો પહેલાં ખાડી પહોળી કરવાનો તથા તેનાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાનો પ્રોજેક્ટ ફક્ત કાગળ પર રહ્યો. તેના માટે કોઈ એકશન લીધાં નથી ત્યારે સાવધાન રહે તો આ પૂર આવતે નહિ. હવે સુરતને બેઠું કરવા માટે કેન્દ્ર સરકારે ગુજરાતી સરકાર, S.M.C. તથા સંસદ સભ્યો, ધારાસભ્યો પોતાને અપાતી ગ્રાન્ટમાંથી પાછું સુરતને બેઠું કરવા પ્રયત્નો કરવા જોઈએ.

સુરત - મહેશ આઈ. ડોક્ટર

ખાડે ગયેલું તંત્ર

વિકાસ માટે નિષ્ઠા જરૂરી છે. કહેવાયું છે કે જ્યાં પ્રતિષ્ઠા સામાજિક હોય કે સરકારી તંત્ર હોય બધે જ નિષ્ઠા આવશ્યક છે. સરકારી તંત્રો તો વિશાળ પાયે આવે છે પણ જ્યાં સ્થાનિક સ્વરાજ સંસ્થા સ્વરૂપ પંચાયતો, પાલિકાઓનાં તંત્રો ચાલે છે. ત્યાંથી જ નિષ્ઠાનો સાચો અમલ થાય તે જરૂરી છે. ભ્રષ્ટાચાર, બેદરકારી, ખોટા ભેદભાવ, સૂઝબૂઝનો અભાવ જેવા દૂષણો દુર્દશા સર્જે છે અને વિકાસને બદલે બરબાદી આવે છે. આવી પરિસ્થિતિમાં તંત્ર ખાડે ગયું છે. શબ્દપ્રયોગ થતો રહે છે. સ્વચ્છતા, રસ્તાઓ, પાણી, શિક્ષણ અને સ્વાસ્થ્ય સાથે આર્થિક વિકાસ નજરે ચઢે તો ખાડે જવાનો અભિશાપ ટળી જાય છે. પરિવહન માટેની પ્રથમ જરૂરીયાત સારા રસ્તાઓ છે. વર્ષાઋતુમાં તો ખાસ પોલ ખુલી જાય છે. વીજળી સેવા, પાણી પુરવઠા સેવા જેવી બાબતોમાં રસ્તા ખોટાય છે અને પદર ગમે તે રીતે પુરાય છે. ઉપર છેલ્લા દર્શનથી કામના વળતરરૂપે રૂપિયા મેળવી લેવાય છે. રસ્તા પર પડેલા ખાડા અને ભુવાઓ જીવલેણ પણ નીવડે છે. ખાડાનું સત્ય સંતાડવા અખાડા થાય છે.

સુરત - યુસુફ એમ. ગુજરાતી

વડીલોની વાતમાં છુપાયેલું આખું અર્થશાસ્ત્ર

વડીલો કહેતાઃ 'છોકરો ૪ પૈસા કમાશે તો ઘર ચાલશે.' સવાલ એ કે ૪ જ કેમ?! કારણ કે જીવનની ૪ જ મોટી જવાબદારી છે! પહેલો પૈસો કૂવામાંઃ એટલે ઘરનું ગુજરાન, રાશન-પાણી, બાળકોની ફી. વર્તમાન નિભાવવો એ પહેલી ફરજ! બીજો પૈસો પાછલું દેવુંઃ મા-બાપે આપણને મોટા કર્યા, એમની સેવા કરવી. એ ઋણ ચૂકવ્યા વિના બરકત ન આવે! ત્રીજો પૈસો આગલું દેવુંઃ સંતાનોને ભણાવવા, ગણાવવા, લાયક બનાવવા. ભવિષ્યની પેઢીનું ઘડતર કરવું! ચોથો પૈસો આગળ જમાઃ કટોકટી માટે બચત, દાન-પુણ્ય, ધર્મ-સેવા. આ પૈસો આત્માની કમાણી છે!

સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન

તુમે જ આવવાની

દરેક પ્રદેશની ઓળખ અલગ અલગ હોય. ઉચ્ચારની ભાષા બોલી શુદ્ધા. દક્ષિણ-ગુજરાત હરિયાળી, પ્રકૃતિથી છલકાતો પ્રદેશ. ભાગ્યે જ પાણીની ખોટ ઉનાળામાં અહીં પડે. વાંસદા, ધરમપુર, માંગરોલ, મહુવા, વ્યારા, સોનગઢ, આદિવાસી પ્રજા તેમના રીત રિવાજો. છલકાતી ધરતી, અતિશય વરસાદ માટે જાણીતું કપરાડા. રીત રીવાજ સાવ અલગ. હાટ ભરાય, મેળા પણ, પ્રાસંગિત તેડા જુદા. નવરાત્રી દરમિયાન આદિવાસી વાજિંત્ર 'ડોબરું' માણવા, જોવા મળે. વનસ્પતિના વિવિધ ભાગોમાંથી બનાવવામાં આવે. દેખાવ અંગ્રેજી C આકારનો, મધુરપ અનોખી. થોડાં દિવસ પહેલાં ધરમપુર (લેખકનું જન્મસ્થળ) જવાનું થયું ત્યારે આ વાજીંત્રના સૂરીલા સૂર સાંભળવાનો અણમોલ લ્હાવો ફરી મળ્યો. કલાકારના બંને ગાલો એટલા તો ફુલી થાય કે શ્વાસોશ્વાસની તક્લીફ મહેસુસ થતી હશે, એનો વિટળાયેલી પ્રજા-જોનારા સૂર સાંભળતા ચલણી નોટો હાથમાં પકડાવે. આગ્રહપૂર્વક એને ફૂરી આંગણે બોલાવવો હોય તો તુમે જ આવવાની આમંત્રણ આપવું પડે એવું નૃત્ય, ડ્રેસ, ખ્યાતીની લાલસા વિના પ્રસ્તુત કરે. આ નિસ્પૃહી કલાકારને એની અદ્દભૂત કળા માટે ધન્યવાદ આપવા જ ઘટે. અનુપમ, અનેરાં હોય છે ગુલતાન, મસ્તી પગલાં અનેરાં. 21મી સદીમાં સુધ્ધા આ કળા જળવાઈ રહી હોવાનો આનંદ ગૌરવ અનુભવ્યો.

સુરત - કુમુદભાઈ બક્ષી

માણસ મને હૈયાસરસો લાગે

સારો લાગે ક્યારેક નરસો લાગે તોયે માણસ મને હૈયાસરસો લાગે દરિયો છે એટલે તો ભરતી ને ઓટ છે સારું ને બૂરું બોલે એવા બે હોઠ છે એને ઓળખતા વરસોનાં વરસો લાગે તોયે માણસ મને હૈયાસરસો લાગે ઘડીક સાચો લાગે ઘડીક જૂઠ્ઠો લાગે ઘડીક લાગણીભર્યો ઘડીક બુઠ્ઠો લાગે ક્યારેક રસ્તો લાગે ને ક્યારેક નકશો લાગે તોયે માણસ મને હૈયાસરસો લાગે ક્યારેક ભૂલો પડે ને ક્યારેક ભાંગી પડે ક્યારેક ચપટીક ધૂળની પણ આંધી ચડે ક્યારેક માણસભૂખ્યો લોહીતરસ્યો લાગે તોયે માણસ મને હૈયાસરસો લાગે કોણે લખ્યુ છે ખબર નથી પણ જેમણે પણ લખ્યુ છે તેમણે નરી વાસ્તવિકતાનું વર્ણન કર્યુ છે.

સુરત - સુરેન્દ્ર દલાલ

તાપી વંદના

તાપી પાપ નિવારણી ગંગા ય સ્નાને, નર્મદા ય દર્શને, તાપી ચ સ્મરણે. ભારત વર્ષમાં ગંગા, નર્મદા અને તાપી નદીનું ધાર્મિક મહત્ત્વ છે. કરોડો વર્ષથી ઉતરી આવેલી સૂર્યપુત્રી તાપીનું પુરાણોમાં પવિત્રતા માટે જાણીતી છે. બંને કાંઠે વિશાળ પટમાં વિસ્તરેલી છે. અન્ય કારણોસર તાપી નદી વર્ષ દરમ્યાન નહીવત પાણીથી તેની સુંદરતામાં ઓપ વર્તાય છે. તો વર્ષાઋતુમાં ધોધમાર વર્ષાને કારણે શેરૂ સ્વરૂપ ધારણ કરે છે. આઝાદીને 75 વર્ષ થયા પછી પણ વિશાળપટ અને કુદરતી સૌદર્ય ધારણ કરેલ હોવા છતાં તાપી નદીનો વિકાસ થયો નથી. સુરત પાસે જળમંત્રીનું પદ હોય ત્યારે તાપી નદીના જળનો સદઉપયોગ થાય અને મા તાપીની સુંદરતામાં વધારો થાય. તાપી નદી તટની જમીન ખેતી, શાકભાજી અને ઘાસચારા માટે જાણીતી છે. તાપી નદીને કિનારે કુરુક્ષેત્ર અંબરિષવર મહાદેવમંદિર અનેક સંતોએ સ્થાપેલ મંદિરો અને આશ્રમો આવેલા છે. તાપી તટે વેપાર કરવા વલદા, ફ્રેન્ચો, અંગ્રેજો આવ્યા. તાપી તટે સુરતના કિલ્લે અકબર, જહાંગીર જેવા શહેનશાઓએ, જાહોજલાલ માણી છે. સુરત સોનાની મૂરત, નર્મદને કારણે સાહિત્યનગરી, વસ્ત્રનગરી, ડાયમંડનગર તરીકે જાણીતું થયું. જન્મદિન નિમિત્તે મા તાપીને સત્ સત્ વંદન.

સુરત - ગોપાળ, આર. પરમાર

કાયમ મળતી રહેશે ખુશી, જો હશે સારા પાડોશી.!

એ ખરેખર સાચી કહેણી છે કે 'પહેલો સગો પાડોશી.' શહેરોમાં ફ્લેટ એપાર્ટમેન્ટમાં રહેતાં ઘણાં લોકો પાડોશીને ઓળખતાં પણ ન હોય એવું બને છતાં ક્યારેક ઓનલાઈન ચીજ વસ્તુઓનો ડિલીવરી બોય ઘરે પહોંચે અને જો મંગાવનાર ઘરે ન હોય ત્યારે પાડોશીની જરૂર વર્તાય. રો હાઉસમાં રહેતાં પાડોશીઓ વચ્ચે પણ નાની નાની બાબતોમાં ચણભણ થતી રહેતી હોય છે છતાં મુશ્કેલીના સમયમાં સૌથી પહેલાં મદદ પાડોશીઓ જ કરતાં હોય છે. પાડોશી દેશ વચ્ચે પણ કેટલાક મતભેદો હોવા છતાં કુદરતી આપત્તિ જેવા સમયે બધો મનમુટાવ ભૂલી પરસ્પર સહાય કરતાં હોય છે. પાકિસ્તાન જેવાં આતંકી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરી આપણી આંતરિક શાંતિ ડહોળતા દેશને પણ આપણે કુદરતી આફતો વખતે મદદ કરીએ છીએ. આવા વખતે જાતિ, ધર્મ, સીમા-સરહદ અને મતમતાંતર કરતા પણ માનવતા ચડિયાતી નિવડે છે. દુનિયાનાં કોઈ પણ ખૂણામાં કોઈ દુઃખી હોય તો એની આડઅસર સૌને થાય છે. જેમ વિશાળ જળાશયનાં કોઈ એક ખૂણેથી પાણી ઉલેચાય તો બીજા ખૂણે દેખીતો ફરક ભલે ન દેખાય પણ આખા જળાશયનું જળસ્તર ઘટે છે. એટલે જ પરસ્પર સમભાવ અને સૌહાર્દ અનિવાર્ય છે. અમેરિકા જેવી મહાસત્તા અન્ય દેશોને નગણ્ય સમજી પોતાનો એક્કો ખરો કરાવવા મચી પડે ત્યારે સાચુકલાં પાડોશીધર્મનો ધ્વંસ થાય છે અને વિશ્વ આખું ગૂંગળામણ અનુભવે છે. આવો, આપણે સૌ આપણા પાડોશી સાથે સ્નેહ અને સૌહાર્દથી રહેવાની શરૂઆત કરીએ.

સુરત - પ્રકાશ પરમાર